'સન્ડે ઈ.મહેફીલ'ના સૌ વાચકો–ચાહકોને નાતાલની અને નવા 2016ના વર્ષની,
'સ.મ.'ના સમ્પાદક મંડળની ઘણી ઘણી જ શુભેચ્છાઓ..
અને
હવે વાંચો ભાઈ હરનીશ જાનીનો નવો નક્કોર 'હાસ્ય–ચરીત્ર' લેખ.. ..

♦●♦

# વ્યાસસાહેબ

–હરનીશ જાની

આ વ્યાસસાહેબ મારા સસરા હતા. રીચર્ડ એટનબરોએ એમને જોયા હોત, તો તેમણે પોતાની ફીલ્મ 'ગાંધી'માં ગાંધીનો રોલ વ્યાસસાહેબને આપ્યો હોત. તેમનો ફોટો મારા અમેરીકન મીત્રો જોતા, તો તરત કહેતા કે, 'હી લુક્સ લાઈક મહાટ્મા ગેંડી.' મારા દેશી મીત્રો, મારાં લગ્ન વખતે કહેતા કે 'લગ્ન મંડપમાં છીંક ન ખાતો; નહીં તો તારા સસરા ઉડી જશે.'

એક રીતે તે ગાંધીજી જેવા દેખાતા હતા; તો બીજી રીતે તે સાચા ગાંધીભક્ત પણ હતા. મરતાં સુધી ખાદી પહેરી છે. આઝાદીની લડતમાં સક્રીય ભાગ લીધો હતો અને અંગ્રેજ વીરોધી ભાષણોને કારણે બે વાર જેલ પણ ભોગવી હતી. તેમનું ઘર આઝાદીના લડવૈયાઓથી ધમધમતું હતું. ધંધે તેઓ વકીલ હતા. સત્ય બોલતા અને કાયદાને માન આપતા. એટલે આ 'સજ્જન' વકીલ હોવા છતાં 'ગરીબ' રહ્યા. વાચનનો બહુ શોખ હતો. જે એમને ધંધામાં કામ લાગતો. તેમને ઓળખવાની તક મને અઢી વરસ સુધી મળી. લગ્ન પછી અઢી વરસમાં તો હું અમેરીકા આવતો રહ્યો. જો કે એટલો સમય પણ અમદાવાદમાં એમની સાથે વીતાવવાનો મારે માટે બહુ કપરો હતો. તેમ છતાં કહી શકું કે હું તેમાં સફળ રહ્યો. વ્યાસસાહેબ એટલે તેમની નજીકનાઓની ચોવીસ કલાક પરીક્ષા. જે વ્યક્તી એમની સાથે વાત કરે, તેને એ સામા સવાલો પુછીને થકવી નાખતા. ખરેખર તો એમની જીજ્ઞાસા વૃત્તી બહુ પ્રબળ હતી. એટલે સામેનાને તેઓ, તેના જ ફીલ્ડના સવાલ પુછતા. મેં એમને કદી આડીતેડી વાતો કરતા નથી સાંભળ્યા.

જ્યારે હું એમને ઘરે છોકરી –એમની દીકરી– જોવા ગયો, ત્યારે મારે તેમને જોવા જોઈતા હતા. જો કે તેમણે તો મને બરાબર જોયો હતો. ત્યારે બાજુના રુમમાં જ રેડીયો વાગતો હતો. બીસ્મીલ્લાહ ખાનની શહેનાઈ વાગતી હતી. મારું ડોકું હાલતું હતું. તે જોઈ મને તેમણે પુછ્યું : 'શાસ્ત્રીય સંગીત ગમે છે?' મેં હા પાડી. 'કયો રાગ વાગે છે ?' મેં કહ્યું : 'મને રાગની ખબર નથી; પણ મને શહેનાઈ ગમે છે. અને આ તો ફીલ્મી ધુન છે ! દીલકા ખીલૌના હાયે તુટ ગયા.' છોકરીને હું ગમું કે ન ગમું; પણ એના બાપને હું ગમી ગયો. મને એમ કે પરીક્ષા પુરી થઈ. પણ ના, પરીક્ષા તો હવે પછી હતી.

મારા એંગેજમેંટ થઈ ગયા. જ્યારે તેમને ખબર પડી કે હું લેખક છું. તો બ્રીટીશ રાજમાં ભણેલા આ વકીલે, મને પુછ્યું, 'તમારો પ્રીય લેખક કોણ ?' મેં કહ્યું કે, 'મેઘાણી અને મુનશી.' 'અંગ્રેજી લીટરેચરમાં કંઈ વાંચ્યું છે ?' હું તો 'મગન–માધ્યમ'માં ભણેલો ગ્રેજ્યુએટ ! કહ્યું : 'બહુ થોડું.' અને હવે હરનીશનું એડ્યુકેશન ચાલુ થયું. સસરાજી ચઢ્યા માળીયે. તે બોલ્યા : 'માનશો ? મારી છ દીકરીઓમાંથી કોઈ દીકરીને વાંચવાનો શોખ નથી. મારા બધાં પુસ્તકો આ માળીયામાં ધુળ ખાય છે. જુઓ, આ જ્યોર્જ બર્નાર્ડ શૉ. Arms and Man. બીચારાએ કેટલું સરસ હાસ્યનાટક લખ્યું છે; પણ અહીં એને કોઈ અડકતુંયે નથી ! અને આ સમરસેટ મોમ. તમે ટુંકી વાર્તાઓ લખો છો ને ! તમારે સમર સેટ મોમ અને ઓ'હેનરી વાંચવા પડે.' મેં તેમને કહ્યું કે 'ઓ'હેનરી મારા ફેવરીટ છે. અને આલ્બર્ટો મોરાવીયા મારા બીજા ફેવરીટ છે.'

હવે વાત આટલેથી નથી પતતી. વ્યાસસાહેબની દીકરી કરતાં, વ્યાસસાહેબે મારી પરીક્ષા લેવાનું ચાલુ કર્યું. તેમણે મને શૉનું Arms and Man આપ્યું અને કહ્યું કે વાંચજો. લગ્ન પછી હું અને મારાં પત્ની હંસા મણીનગરમાં રહેતાં હતાં. સાસરું અમદાવાદમાં એલીસ બ્રીજમાં હતું. બે ચાર દીવસ પછી સાસરે આવવાનું થયું. પ્રેમથી મને જમવા બેસાડ્યો અને કાંઈક વાત નીકળી. તો પપ્પા બોલ્યા, 'હરનીશભાઈ, પેલો સર્જીયસ એની સ્ત્રી સાથે કેવું બોલ્યો હતો? એ પણ રમુજી હતો.' (સર્જીયસ Arms and Manનો હીરો હતો. ) પપ્પાને કદાચ તેમના વાચનશોખમાં જોડીદાર જડ્યો; એમ સમજીને પુછ્યું હોય અથવા તો મારી પરીક્ષા લેતા હોય. જે હોય તે; હું સફળ નીવડ્યો. અને તેમની મારી સાથે દોસ્તી જામી ગઈ. – ફક્ત સાહીત્યને લીધે જ.

પછી અમે અમેરીકા આવ્યાં. ત્યારે મારા સસરા અને સાસુ પણ અમેરીકા ફરવા આવ્યાં. મને ખબર હતી કે વ્યાસસાહેબ મને અમેરીકા વીશે સવાલો પુછશે અને મારી પરીક્ષા ચાલુ થઈ જશે. એટલે મેં અમેરીકાનો ઈતીહાસ તો ગોખી નાખ્યો; પણ ન્યુ યોર્ક વીશે પણ વાંચવા બેસી ગયો. મોટામાં મોટો બ્રીજ, કેટલી વસ્તી, મેયર, ગવર્નરનાં નામ વગેરે બધું વાંચીને તૈયાર થઈ ગયો. વ્યાસસાહેબ ભારતથી રાતે આવ્યા. સવારે અમે બન્ને અમારા ઘર પાછળના વાડામાં હતા. ત્યાં તેમની નજર એક મોટા વૃક્ષ પર પડી. 'હરનીશભાઈ, આ કયું વૃક્ષ છે ? એનું નામ શું છે ?' મેં કહ્યું કે, 'જોઈએ તો અમેરીકાના ઈતીહાસમાંથી કાંઈ પુછો; પણ આ વૃક્ષ વીશે મને ખબર નથી.' તો તેઓ બોલ્યા, 'તમે તો કેવા માણસ ! તમારા વાડામાં વૃક્ષ અને તમને નામ ખબર નથી !' બસ, વ્યાસસાહેબ આગળ તમે કદી જીતી ન શકો.

વ્યાસસાહેબનો બીજો દુર્ગુણ હતો કે અપ્રીય; પણ સાચું બોલવું. અને લોકોને માગ્યા વીના પણ પોતાનો ઓપીનીયન આપતાં ખચકાવું નહીં. એમના એક મીત્ર હતા. તેમના જમાઈ જે નવા નવા એલ.એલ.બી. થયા હતા, તેને તેઓ વ્યાસસાહેબ પાસે લાવ્યા. તે વખતે હું પણ તેમની ઓફીસમાં બેઠો હતો. વ્યાસસાહેબે પેલા ભાઈને ઈંગ્લીશમાં સવાલ પુછ્યો. પેલા નવા નવા ગ્રેજ્યુએટે ગુજરાતીમાં જવાબ આપ્યો. પછી વ્યાસસાહેબે ચાનો ઓર્ડર આપી, પેલા બન્ને જણ સાથે ચા પીતાં પીતાં વાતો કરી અને

પોતાના મીત્રને કહ્યું કે, 'તમારા જમાઈને પુરતું ઈંગ્લીશ નથી આવડતું. આ વકીલના ધંધામાં હાઈકોર્ટમાં ઈંગ્લીશમાં બોલવું પડે અને આ ભાઈ તો ઢીલા છે ! મારું માનો તો એમને કોર્ટમાં નોકરી અપાવી દઉં. બાકી વકીલાતમાં આ ભાઈ ન ચાલે.' એમના મીત્ર વ્યાસસાહેબને વરસોથી ઓળખતા હતા. મારા ખ્યાલથી પછી તેમના જમાઈએ કોઈ ગામડા ગામમાં વકીલાત શરુ કરી હતી. તેમ છતાં તેમણે ઘણા બધા યુવાનોને સાચી સલાહ આપી, તેમની કેરીયર બનાવી આપી છે.

વ્યાસસાહેબ, ધુની પણ એટલા જ. અમદાવાદમાં વકીલોના કોઈ ફંક્શનમાં ગયા હતા. ફંક્શન પુરું થયે ઘરે જવા નીકળ્યા ત્યારે ત્યાં કોઈની પાંચ–સાત વરસની બાળકીએ એમની આંગળી પકડી. તો પોતાની દીકરી હશે એમ સમજીને ઘરે લઈ આવ્યા. મારા સાસુએ એમનો ઉધડો લઈ નાખ્યો. 'આ ઘરમાં આ છ તો છે, તે ઓછી પડે છે ?' ત્યારે વ્યાસસાહેબ બોલ્યા, 'મને એમ કે કદાચ આ આપણી વીણા હશે અને હું એને ફંક્શનમાં સાથે લઈને આવ્યો હોઈશ.'

મારા અમેરીકા આવ્યા પછી તેઓ, અમેરીકા આવતાજતા લોકો સાથે મારે માટે ગુજરાતી સાહીત્યનાં ઉત્તમ પુસ્તકો મોકલતા. મારા ઘરની લાયબ્રેરીમાં બસો–ત્રણસો પુસ્તકો આજે પણ એમની યાદ અપાવે છે. તે મારી હાસ્યવૃત્તીના ચાહક હતા. મારી વાતો સાંભળી ઘણી વખતે અટ્ટહાસ્ય કરતા. મારાં લખાણના પણ વખાણ કરતા.

વ્યાસસાહેબના લૉ પાર્ટનર હતા દવેકાકા. દવેકાકા રૅશનાલીસ્ટ હતા. અને તે માટે, અમદાવાદમાં તેઓ સક્રીય રહેતા. આ બન્નેએ એક જ ઓફીસમાં બેસીને વર્ષો પ્રેકટીસ કરી. દવેકાકા પણ એવા જ પ્રામાણીક અને સાચાબોલા હતા. વળી માનવસ્વભાવના અભ્યાસી હતા. દવેકાકાની પબ્લીક રીલેશનની આવડતને લીધે, એમની લૉ ઓફીસમાં ક્લાયંટ આવતા હતા. ખોટો કેસ ઉભો કરવો, ખોટા સાક્ષી લાવવા વગેરે તો બન્ને પાર્ટનરના સીદ્ધાન્તની વીરુદ્ધ હતું. દવેકાકા પણ સત્યપ્રીય હતા.

રાજપીપલાથી એમનો વકીલ ભાણો રાજુ, પોતાના ક્લાયંટને લઈને હાઈકોર્ટમાં કેસ લડવા માટે, મામા વ્યાસસાહેબ પાસે લાવ્યો. પેલા ક્લાયંટની બધી વાતો સાચી હતી. અને વ્યાસસાહેબે તેનો કેસ જીતી આપ્યો. વ્યાસસાહેબે પોતાની ફી પાંચસો રુપીયા જણાવી. રાજુ કહે, 'મામા, આ ક્લાયંટને તમારી પાસે લાવવાના જ મેં પાંચ હજાર રુપીયા ચાર્જ તો કર્યો છે ! ને તમે પાંચસો જ માંગો છો? તમે દસ હજાર ચાર્જ કરો.' રાજુને એનું ડહાપણ ભારે પડ્યું. તેમણે રાજુને વઢીને પેલા ક્લાયંટને તેના પૈસા રાજુ પાસેથી પાછા અપાવ્યા. ભાણીયો રાજુ પછી મામા વ્યાસસાહેબ પાસે બીજી વાર આવે ખરો કે ?

વ્યાસસાહેબ અને દવેકાકા બન્ને ખુબ જ પ્રામાણીક અને ન્યાયપ્રીય હતા. બન્નેનાં ફૅમીલી પણ એકમેકને ચાહતાં હતાં. મઝાની વાત તો ત્યારે થઈ, કે જ્યારે બન્નેનો રીટાયર થવાનો વારો આવ્યો અને ઓફીસ બંધ કરવાનો વખત આવ્યો, ત્યારે વ્યાસસાહેબ, દવેકાકાને કહે કે તમે બધું ફર્નીચર લઈ લો. દવેકાકા એમ કંઈ લેતા હશે? તે કહે, 'વ્યાસ, તમે ફર્નીચર રાખો. તમે સીનીયર છો.' વ્યાસસાહેબ એમ માનતા હોય ખરા ? છેવટે તેમણે બન્ને વચ્ચે ઓફીસનું એક માત્ર ટેબલ અને ક્લાયંટને બેસવા માટેનો

બાંકડો બન્ને, સુથાર પાસે વહેરાવીને બે ભાગ કરાવ્યા. તેને બીજા બે નવા પાયા લગાડીને બે ટેબલ અને બે બાંકડા બનાવડાવ્યા. આને કહેવાય વકીલોનો ન્યાય ! એ બન્ને જીવનભર પાર્ટનર રહ્યા.

–હરનીશ જાની
સર્જક–સમ્પર્ક :
Harnish Jani
4-Pleasant Drive, Yardville, NJ-08620-USA
Phone-609-585-0861 Email : harnishjani5@gmail.com

●

હરનીશભાઈ હાલ તેમના આગામી ગ્રંથ માટે ‘હાસ્ય–ચરીત્રો’ લખવામાં વ્યસ્ત છે.. ૨૦૧૬માં એમનું એ પુસ્તક ‘હાસ્ય–ચરીત્ર’ પ્રકાશીત થઈ રહ્યું છે.. તેમાંનો આ એક લેખ તે ‘વ્યાસસાહેબ’..

શરુઆતથી જ ‘સ.મ.’ના જબરા ચાહક અને સાચા સમર્થક રહેલા ભાઈ હરનીશ જાનીએ, ‘સન્ડે ઈ.મહેફીલ’ માટે જ આ લેખ, સ્નેહથી લખી મોકલ્યો તે બદલ તેમનો ખુબ આભાર..

●

વળી, સુરતના ‘ગુજરાતમીત્ર’ની બુધવારીય ‘દર્પણ’ પુર્તીમાં ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૪થી શરુ થયેલી એમની હાસ્ય–કૉલમ, ‘ફીર ભી દીલ હૈ હીન્દુસ્તાની’ને એક વરસ પુરું થયું. તે ખાસ્સી લોકપ્રીય નીવડી છે. સંજોગવસાત બેએક સપ્તાહ કૉલમ ન આવી શકી; તો કારણો જાણવા વાચકોના ફોન, ઈ.મેલ આવવા માંડ્યા ! એમની કલમને સાંપડેલા બહોળા વાચક–વૃંદ બદલ પણ એમને અભીનન્દન...

..બળવંત પટેલ અને ઉતમ ગજ્જર..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: અગીયારમું – અંક: 338 – December 27, 2015
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

## Bhagwadgomandal :

Bhagwadgomandal is the biggest and the most prolific work in Gujarati. Visionary Maharaj Bhagvadsinhji of Gondal gifted the original Bhagwadgomandal to the world after 26 years of scientific and detailed work. This encyclopedic Gujarati to Gujarati dictionary is a cultural milestone of Gujarati language. It contains 2.81 Lakh Words and 8.22 Lakh Meanings spread across 9200 pages.
Gujaratilexicon and Arnion Team has digitized Bhagwadgomandal and created its digital avatar. The aim is to showcase the richness of such an indispensable resource for experts and lovers of Gujarati language. It is a treasure of knowledge and every Gujarati's pride. Explore It!.

https://play.google.com/store/apps/details?id=com.arnion.bhagvadgomandal

## Gujarati Font Reader :

Nowadays, Many mobile phones are available in Market which do not support Gujarati. However, users do receive messages in Gujarati and their phone do not support the language. GujaratiLexicon developed an user friendly app which allows Gujarati readers to convert the text to readable fonts and enjoy the content in Gujarati. First it's kind of app which provide converted Gujarati Text in Pop Up mode as well.

https://play.google.com/store/apps/details?id=com.arnion.gujaratisupport

@ @ @

More than 3,18,33,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 52,34,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 8,08,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
More than 2,39,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@ @ @ @ @ @ @ @ @